પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૧૪૭ | ૬ ઓગસ્ટ, ૨૦૧૭, રવિવાર ; શ્રાવણ સુદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# ઉપરાષ્ટ્રપતિ પદે વેંકૈયા નાયડુ વિજયી

## વેંકૈયા નાયડુને ૫૧૬ અને ગોપાલકૃષ્ણ ગાંધીને ૨૪૪ મત મળ્યા : દેશના ઉપરાષ્ટ્રપતિની ચૂંટણીમાં ૭૮૫ સભ્યો પૈકી ૭૭૧ સભ્યો દ્વારા મતદાન કરાયું

નવી દિલ્હી,તા. ૫

ભાજપના નેતૃત્વમાં એનડીએના ઉમેદવાર વેંકૈયા નાયડુ ધારણા પ્રમાણે જ ઉપરાષ્ટ્રપતિની ચૂંટણીમાં વિજેતા બન્યા હતા. વેંકૈયા નાયડુને ૫૧૬ મળ્યા હતા જ્યારે તેમના હરીફ અને પશ્ચિમ બંગાળના પૂર્વ રાજ્યપાલ ગોપાલકૃષ્ણ ગાંધીને ૨૪૪ મત મળ્યા હતા. આની સાથે જ વેંકૈયા નાયડુ ભારતના ૧૩માં ઉપરાષ્ટ્રપતિ તરીકે ચુંટાઈ આવ્યા હતા. સંસદના બંને ગૃહોમાંથી તેમને મોટી સંખ્યામાં મત મળ્યા હતા. ૧૦૦ ટકા જેટલું મતદાન આજે યોજાયું હતું. ૭૭૧ મત મળ્યા હતા જે પૈકી ૭૬૦ માન્ય હતા. જીતવા માટે ૩૮૧ મતની જરૂર હતી. હમીદ અન્સારીની અવધિ ૧૦મી ઓગસ્ટના દિવસે પુરી થઈ રહી છે. અગાઉ દેશના આગામી ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી માટે ભારે ઉત્સાહ વચ્ચે અગાઉ ૯૮.૨૧ ટકા જેટલું ઉંચુ મતદાન થયું હતું. કુલ ૭૮૫ સભ્યો પૈકી ૭૭૧ સભ્યોએ મતદાનમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. મોડેથી મતગણતરીની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી.

● અનુસંધાન પાન-૭ પર

## ન્યુઝ ટ્રેક

### પાકિસ્તાન મંત્રીમંડળમાં બે દાયકા બાદ હિન્દુને સ્થાન



પાકિસ્તાનમાં શાહિદ અબ્બાસી મંત્રીમંડળમાં બે દાયકા બાદ પ્રથમ હિન્દુ સાંસદ દર્શનલાલને સ્થાન મળ્યું છે. ૬૫ વર્ષિય દર્શનલાલ સિંઘના ગુટકી જિલ્લામાંથી બીજીવાર નેશનલ એસેમ્બલી માટે ચૂંટાયા છે.

### સોપારામાં ત્રણ આતંકીઓનો ખાત્મો

ઉત્તર કાશ્મીરના બારામુલ્લા જિલ્લામાં સોપારા વિસ્તારમાં શનિવારે વહેલી સવારે સેના દ્વારા કરાયેલ સર્ચ ઓપરેશનમાં ત્રણ આતંકીઓને ઠાર કરાયા હતા. જેમાં એક જવાન ઈજાગ્રસ્ત થયો હતો.

### ૧૪ સાંસદોએ મતદાન ન કર્યું

ઉપરાષ્ટ્રપતિની ચૂંટણીમાં ૭૮૫ માંથી ૭૭૧ એટલે કે ૯૮.૨૧ ટકા મતદાન નોંધાયુ હતુ. ૧૪ સાંસદો મતદાન કરી શક્યા નહી જેમાં ભાજપના ૨, કોંગ્રેસના ૨, ટીએમસીના ૪, એનસીપીના ૧, પીએસકેના ૧ અને અપક્ષ-૧ સાંસદ મતદાન કરી શક્યા ન હતા.

## હવે તમિળનાડુ પર ભાજપનુ ધ્યાન કેન્દ્રિત

ચેન્નાઇ,તા. ૫

પોતાની સ્થિતીને મજબુત કરવા માટે અને પોતાને દ્રવિડ વિરાસતને સંભાળી લેવા માટે પોતાને પ્રબળ દાવેદાર તરીકે રજૂ કરવા માટે ભાજપ સંપૂર્ણપણે તૈયાર છે. પૂર્વ મુખ્યપ્રધાન જે જયલલિતાના અવસાન બાદ અને ડીએમકેના વડા કરૂણાનિધી રાજનીતિમાં હવે ઓછા સક્રિય રહ્યા બાદ ખાલી જગ્યાએને પુરવા માટે ભાજપે આક્રમક તૈયારી કરી છે. ભાજપના પ્રદેશ અધ્યક્ષ ટી. સૌદરારાજને કહ્યુ છે કે અમે ૧૨૦ એવા ચૂંટણી ક્ષેત્રોની ઓળખ કરી લીધી છે જ્યાં અમારી પાર્ટીએ છેલ્લા કેટલાક વર્ષોમાં સતત સુધારો કર્યો છે. પાર્ટીની નિંવ મજબુત કરવા માટે હવે ફુલ ટાઈમ મેમ્બરોને જવાબદારી સોંપવામાં આવી છે. રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ પણ વર્ષ ૨૦૧૬માં થયેલી વિધાનસભાની ચૂંટણીમાં મળેલી હાર બાદ નવી રણનિતી પર કામ કરી રહ્યા છે. નવી રણનિતી વિકસિત કરવા પર કામ ચાલી રહ્યુ છે.

## ભારતની સામે નાના લશ્કરી ઓપરેશનની ચીનની તૈયારી

નવીદિલ્હી,તા. ૫

ડોકલામ વિવાદના કારણે સરહદ પર તૈનાત ભારતીય જવાનોને ખદેડી મુકવા માટે ચીન એક નાના ઓપરેશન કરવાના સંબંધમાં વિચારણા કરી રહ્યુ હોવાના હેવાલ મળ્યા છે. ચીનના એક સરકારી અખબારે આ મુજબનો દાવો કર્યો છે. અત્રે નોંધનીય છે કે વિવાદાસ્પદ ક્ષત્રમાં ચીન દ્વારા માર્ગ નિર્માણ કરવાના પ્રયાસ બાદથી ૧૬મી જુનના દિવસે બન્ને દેશો વચ્ચે મડાગાંઠની સ્થિતી સર્જાઇ હતી. જે હજુ સુધી અકબંધ રહી છે. ચીન સરહદ પર બન્ને દેશો વચ્ચે સેનાની તૈનાતીને વધારે લાંબા સમય સુધી રાખવા માટે ઈચ્છુક છે. ભારતીય જવાનોની ટીમને ખદેડી મુકવા માટે બે સપ્તાહની અંદર એક નાનકડા ઓપરેશનને અંજામ આપવામાં આવી શકે છે. અખબારમાં વધુમાં લખવામાં આવ્યુ છે કે ચીની પક્ષ આ ઓપરેશનને અંજામ આપતા પહેલા ભારતીય વિદેશ મંત્રાલયને માહિતી પણ આપી શકે છે.

● અનુસંધાન પાન-૭ પર























